જા.ક્ર.મા-૧/૨૦૨૬/૪૮૬૧

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-3, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત,
તા.૨૫/03/૨૦૨૬.

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક શાળાઓ તમામ,
સુરત, જિ.સુરત.

આ સાથે સામેલ રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરના તા.૦૪/૦૪/૨૦૨૬ના રોજ લેવાનાર "મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ (CGMS) પરીક્ષા-૨૦૨૬ની હોલટિકિટ (તા.૨૪/03/૨૦૨૬ના ૦૨:00 કલાકથી ૦૪/૦૪/૨૦૨૬ના રોજ પરીક્ષા શરુ થયાના સમય સુધી ડાઉનલોડ કરી શકાશે) ધોરણ-૮ના નામાંકન થયેલ વિદ્યાર્થીઓ સુધી પહોંચતી કરવાની કાર્યવાહી બાબતના પત્રાંક:રાપબો/CGMS/૨૦૨૬/૩૭૪૯-૩૮૨૯, તા.૨૫/03/૨૦૨૬ના પત્રની જાણ તથા અમલવારી સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ.સુરત

ક્રમાંક:રાપબો/CGMS/2026/ 3741 - 3829

રાજ્ય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલય સામે,
સેકટર-૨૧, ગાંધીનગર
તા:૨૫/03/૨૦૨૬

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, તમામ.

વિષય- "મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા –(CGMS )૨૦૨૬ની હોલટિકિટ પ્રસિધ્ધ કરવા બાબત.

સંદર્ભઃ- જાહેરનામા ક્રમાંક:રાપબો/જ્ઞા.સા.સ્કો.પરીક્ષા/૨૦૨૬/1862-1986,તા:03/02/2026

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, સંદર્ભના જાહેરનામા અન્વયે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કૉલરશીપ પરીક્ષા( CGMS) -2026 **તા. ૦૪/૦૪/૨૦૨૬ શનિવારના રોજ બપોરના ૧૧.૦૦ કલાક થી ૧૩.30 કલાક** દરમિયાન રાજયના તમામ જિલ્લાઓમાં યોજવામાં આવનાર છે.

આ પરીક્ષા માટેની હોલટિકિટ તા.૨૪/03/૨૦૨૬ના રોજ બપોરના ૨.૦૦ કલાકથી લાઇવ કરવામાં આવેલ છે. જે તા.૦૪/૦૪/૨૦૨૬ના પરીક્ષા શરૂ થવાના સમય સુધી શાળા દ્વારા ડાઉનલોડ કરી શકાશે. સંબંધિત શાળાના આચાર્ય/શિક્ષક દ્વારા આ સાથે સામેલ સ્ટેપ્સ તથા QR CODE થી હોલટિકિટ ડાઉનલોડ કરી શકાશે.

આ પરીક્ષામાં ધોરણ-૮ના જે વિદ્યાર્થીઓ નામાંકન થયેલ છે તેમની હોલટિકિટ શાળા મારફતે ડાઉનલોડ કરાવી સંબંધિત વિદ્યાર્થીને પહોંચતી કરવાની કાર્યવાહી કરવા અંગેની સૂચના આપશો.

સચિવ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

બિડાણ - ઉપર મુજબ

નકલ સવિનય રવાના જાણ સારૂ.

- માન.અગ્રસચિવશ્રી(પ્રા.મા.શિક્ષણ)ના અંગત મદદનીશ સચિવશ્રી,શિક્ષણ વિભાગ,નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી,વિદ્યાસમીક્ષા કેન્દ્ર,સેકટર-૧૯, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી,શાળાઓની કચેરી, વિદ્યાસમીક્ષા કેન્દ્ર,સેકટર-૧૯,ગાધીનગર
- માન.કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, બિરસામુંડા ભવન,ગાંધીનગર
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યાસમીક્ષા કેન્દ્ર,સેકટર-૧૯,ગાધીનગર

## મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા-૨૦૨૬(CGMS)

### પરીક્ષાની હોલ ટિકિટ ડાઉનલોડ કરવાના સ્ટેપ્સ

### QR CODE

- સંબંધિત શાળાઓએ સૌ પ્રથમ https://web.convegenius.ai/bots?botId=0286435578413915 આ લિંક પર જવાનું રહેશે.
- આ લિંક ઉપર જતા આપે સૌ પ્રથમ I am Teacher પર ક્લિકકરવુ.
- ત્યારબાદ તમને શાળાનો કોડ દાખલ કરવાનું કહેશે જ્યાં આપે 11 આંકડાનો શાળાનો કોડ નાંખવો.
- ત્યાર બાદ આપને આપનો ટીચર કોડ પૂછશે જ્યાં આપે આપનો 8 આંકડાનો ટીચર કોડ નાંખવાનો રહેશે.
- આ પછી આપને ધોરણ પૂછશે, જયાં આપે ધોરણ - 8 સિલેક્ટ કરવાનુ છે.
- ત્યાર બાદ આપ આખા વર્ગનું કે કોઈ એક વિદ્યાર્થીનું એમ બે વિકલ્પ આવે તેમાંથી આપે પસંદ કરવાનું રહેશે.
- જો આપ કોઈ એક વર્ગ પસંદ કરશો તો તે વર્ગના બધાજ બાળકોની એક જ ફાઈલમાં હોલ ટિકિટ આવી જશે.
- આ ઉપરાંત જો આપને કોઈ એક વિદ્યાર્થિની હોલ ટિકિટ કાઢવી હોય તો આપને બધાં જ વિદ્યાર્થીઓની યાદી મળશે જેમાંથી કોઈ એક સિલેક્ટ કરતા તેની હોલ ટીકીટની ફાઈલ મળશે.